


# ઓર્ગેનિક ખોરાક વિશે જાણીએ

**આજના સમયમાં ઓર્ગેનિક ખોરાક માટેનું પ્રચલન ખૂબ જ વધતું જાય છે. તેથી જ દરેક વ્યક્તિ તેના લાભ વિશે જાણવા માંગે છે. આ માહિતી પુસ્તિકા દ્વારા ઓર્ગેનિક ખોરાક શું છે, તે કેવી રીતે લાભપ્રદ છે, તે માટેના ધારા-ધોરણો કોણ નક્કી કરે છે અને તેને કોણ પ્રમાણિત કરે છે?- તે વિશે જાણીએ.**

**ઓર્ગેનિક શબ્દનો અર્થ શું થાય છે?**

ઓર્ગેનિક એ પ્રકૃતિ સાથે કામ કરવાનું પ્રતિક છે, નહીં કે તેની વિરૃધ્ધમાં કામ કરવું. ઓર્ગેનિકનો અર્થ – ઉચ્ચ કક્ષાના પશુ સંવર્ધનનો ઉપયોગ કરવો અને જંતુનાશક દવાઓ, નિંદણ નાશક તથા કૃત્રિમ ખાતરનો ઉપયોગ નહીં કરવો, તે સાથે ભૂમિ અને કુદરતી વાતાવરણનું વધુ સારી રીતે અને હિતકારક પર્યાવરણીય સંચાલન.

**ઓર્ગેનિક ખેતી (સજીવ ખેતી) કેવી રીતે થાય છે?**

ઓર્ગેનિક ખેતી એટલે કૃષિ વિભાગ દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન પ્રમાણે, સાત્વિક પધ્ધતિ અને ઉચ્ચ સ્તરીય પશુ સંવર્ધનનો ઉપયોગ.

**ઓર્ગેનિક ખેતી એ પરંપરાગત ખેતી કરવા કેવી રીતે અલગ પડે છે?**

ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો જૈવિક પધ્ધતિ અને સંચાલન દ્વારા પાકની ફેર-બદલી કરી ભૂમિની ગુણવત્તામાં સુધારો કરે છે. જ્યારે પરંપરાગત ખેતી કરતા ખેડૂતો કૃત્રિમ રસાયણનો ઉપયોગ કરી તે જ ભૂમિ ઉપર ઓછામાં ઓછા પાકની ફેર-બદલી કરી પાક ફરી ઉગાડે છે.

**શું ઓર્ગેનિક એ નોન-ઓર્ગેનિક કરતા વધુ લાભદાયી હોય છે?**

ઓર્ગેનિક ખેતીમાં પર્યાવરણની ખૂબ જ કાળજી લેવામાં આવે છે. પશુઓ અને તેમના મળ-મૂત્રનો ઉપયોગ પધ્ધતિમાં ચોક્કસપણે કરવામાં આવે છે. તેથી જ ઓર્ગેનિક પાકને ખૂબ જ જતન કરીને ઉગાડવામાં આવતો હોવાથી ગ્રાહકો ખાવા માટે ઓર્ગેનિક ખોરાકને પસંદગી આપે છે, અને તે નોન-જીએમ (જીનેટીકલી મોડીફાઇડ-જનીનીય પરિવર્તીત) નથી તે માટેની ચોકસાઇ આપે છે.

**શુ ઓર્ગેનિક માટે કોઇ ધારા-ધોરણો છે?**

બધા પ્રકારના જ ઓર્ગનિક ઉત્પાદન માટે ચોક્કસ પ્રકારના ધારા-ધોરણના નિયમનું પાલન જરુરી હોય છે. ઓર્ગેનિકના ઉત્પાદન અને વેચાણ

**ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર**
CERC Since 1978
સુરક્ષા સંકુલ, થલતેજ, સરખેજ ગાંધીનગર હાઇવે, અમદાવાદ-૩૮૦ ૦૫૪, ગુજરાત
ફોન નં. ૨૭૪૮૯૯૪૫-૪૬, ૨૭૪૫૦૫૨૮, ૨૭૪૩૮૭૫૨-૫૩-૫૪, ફેક્સ નં. ૦૭૯ - ૨૭૪૮૯૯૪૭
ઇ-મેઇલ - cerc@cercindia.org વેબસાઇટ - www.cercindia.org હેલ્પલાઇન નં. ૧૮૦૦ ૨૩૩ ૦૨૨૨

માટેના નિયમ દેશ-વિદેશમાં જુદા હોય છે. જુદાજુદા દેશના નેશનલ ઓર્ગેનિક પ્રોગ્રામ દ્વારા પ્રસિધ્ધ કરેલા નિયમ - નિર્દેશનનું પાલન પાકના ઉત્પાદન, સંચાલન, નામકરણ અને અમલીકરણ માટે થાય છે.

**ખેડૂત અને પાકના ઉત્પાદકો ઓર્ગેનિક ધારા-ધોરણને વળગી રહે છે તેની કેવી રીતે ખાત્રી કરી શકાય?**
સંચાલન માધ્યમ દ્વારા અવાર-નવાર પ્રસિધ્ધ થતા નવા નિયમો સંલગ્ન પ્રમાણીત એજન્સીને ઓર્ગેનિક ખોરાક માટે માહિતગાર કરવામાં આવે છે. પ્રમાણિત એજન્સી દ્વારા ઓર્ગેનિક પાક અને ઉત્પાદકોનું નિયમિતપણે પરિક્ષણ કરવામાં આવે છે, અને તપાસવામાં આવે છે કે ઓર્ગેનિક પાકને ઉગાડવામાં ચોકસાઇ રાખવામાં આવી છે કે નહીં.

**ભારતમાં ઓર્ગેનિક માટે પ્રમાણપત્ર - સીલ (પ્રમાણીત સિક્કો) કોણ આપે છે?**
ભારતમાં ઓર્ગેનિક ખોરાકના પ્રમાણપત્ર મુખ્યત્વે ઓર્ગેનિક એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ એક્ષપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા દ્વારા માન્ય એજન્સી, નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન દ્વારા આપવામાં આવે છે.

**શું સરકાર ઓર્ગેનિક ખેતીને સહાય - પ્રોત્સાહન આપે છે?**
નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, મિશન ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઑફ હર્ટીકલ્ચર, નેશનલ મિશન ઓન ઓઇલ સીડ એન્ડ ઓઇલ પાલ્મ અને નેટવર્ક પ્રોજેક્ટ ઓન ઓર્ગેનિક ફાર્મિંગ ઓફ ઇન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચર રીસર્ચ દ્વારા જુદીજુદી યોજના હેઠળ સરકાર ઓર્ગેનિક પાક, ફળ ફળાદી અને શાકભાજીના ઉત્પાદન માટે પ્રોત્સાહન આપે છે.

નેશનલ હોર્ટીકલ્ચર મિશન, હોર્ટીકલ્ચર મિશન ફોર નોર્થ ઇસ્ટ એન્ડ હિમાલીયન સ્ટેટસ, નેશનલ પ્રોજેક્ટ ઓન મેનેજમેન્ટ ઓફ સોઇલ હેલ્થ એન્ડ ફર્ટીલીટી, નેશનલ પ્રોજેક્ટ ઓન ઓર્ગેનિક ફાર્મિંગ, એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી જુદીજુદી યોજનાઓને ગવર્નમેન્ટ પ્રોત્સાહન આપે છે.

વધુમાં, સરકાર જુદાજુદા પ્રોગ્રામમાં ખેડૂતોને સમૂહમાં ભેગી કરી પરંપરાગત કૃષિ વિકાસ યોજનાને પ્રોત્સાહન આપે છે.

**ઓર્ગેનિક ખોરાક ક્યાંથી ખરીદી શકાય ?**
ઓર્ગેનિક ખોરાકની ખરીદી ઓનલાઇન ઓર્ડર કરી, સુપર માર્કેટમાં તથા ખેડૂત પાસેથી મેળવી શકાય છે.

**ગ્રાહકે ઓર્ગનિક ખોરાક ખરીદતા પહેલા શું તપાસ કરવી જોઇએ ?**
ગ્રાહકે ઓર્ગેનિક ખોરાક ખરીદતા પહેલા માન્ય એજન્સી દ્વારા પ્રમાણપત્ર તથા લેબલ અપાયેલ છે કે નહીં તે ચકાસવું જોઇએ. ઘણાં ઉત્પાદકો અન્ય દેશના નિયમ અનુસાર પ્રમાણપત્રનો ઉપયોગ કરી ઓર્ગેનિક ખોરાકની આયાત કરતા હોય છે.

**શું ઓર્ગેનિક ખોરાકની કિંમત વધુ હોય છે?**
હા, ઓર્ગેનિક ખોરાકની કિંમત વધુ હોય છે કારણ કે, ઓર્ગેનિકના ઉત્પાદનમાં મજૂરી વધુ લાગતી હોવાથી અને પ્રમાણમાં ઉત્પાદન ઓછુ થાય છે, જેથી તેની કિંમત વધુ હોય છે.



**શું ઓર્ગેનિક ખેડૂતો કોઇપણ પ્રકારના જંતુનાશક તથા રસાયણનો ઉપયોગ કરી શકે?**
ઓર્ગેનિક ખેતીમાં કુદરતી ન હોય તેને છેલ્લા વૈકલ્પિક સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે. ઓર્ગેનિક પાકની ખેતીમાં ઉપયોગમાં આવતા રસાયણને ખૂબ જ ચોક્સાઇપૂર્વક માન્યતા આપવામાં આવે છે. ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂત મિત્રો નિંદણ નાશકનો ઉપયોગ નથી કરતા તેના ફળ સ્વરુપે પાકને નિયમ સમય પર પાકની ફેર બદલી કરી યોગ્ય સમયે વાવણી કરી, હાથ અથવા મશીન દ્વારા નિંદણનો નાશ કરી તેમજ પાકની જાતિની પસંદગી ખૂબ જ કાળજીપૂર્વક કરવામાં આવે છે.

**શું ઓર્ગેનિક ખોરાકમાં જીનેટીકલી મોડીફાઇડ તત્વો હોઇ શકે?**
જીનેટીકલી મોડીફાઇડ થયેલ છોડ અને પ્રાણીઓનો ઓર્ગેનિક પાક તથા ખેતીમાં સમાવેશ કરી શકાય નહી, જો ઓર્ગેનિક ખોરાકમાં જીનેટીકલી મોડીફાઇડ જાણવા મળે તો તેને ઓર્ગેનિક તરીકે વેચી શકાય નહી. જો પાક જીનેટીકલી મોડીફાઇડ જણાય તો પ્રમાણપત્ર આપનાર એજન્સી ઓર્ગેનિક સર્ટીફિકેશન નાબૂદ કરી શકે છે.

**ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો તેમના પશુઓને એન્ટીબાયોટીક આપી શકે?**
ઓર્ગેનિક પાકના સિધ્ધાંત અનુસાર મોટા ભાગની રાસાયણીક વેટેનરી દવાઓ જેમ કે એન્ટીબાયો-ટીક્સ અને ગ્રોથ હોર્મોનના ઉપયોગનો વિરોધ કરવામાં આવે છે. ઓર્ગેનિક ઉત્પાદનમાં ડેરી તથા માંસના ઉત્પાદકો પ્રાણીઓને પણ ઓર્ગેનિક ખોરાક જ આપે છે- જે કોઇપણ પ્રકારના એન્ટીબોયોટીક અને ગ્રોથ હોર્મોનના બનેલા ના હોય. જો પશુની તબિયત સારી ના હોય અને પશુને વેટેનરી દવા આપવામાં આવે તો ઓર્ગેનિક ખેતીમાં તે પશુનો ઉપયોગ કરી શકાય નહીં અને આ પશુની ઉપજને ઓર્ગેનિક તરીકે ઓળખી શકાય નહીં.

**શા માટે ઓર્ગેનિક ખેતી પ્રાણીઓ માટે વધુ સારી ગણી શકાય?**
ઓર્ગેનિક ખેતીમાં પ્રાણી સંવર્ધન એ મુખ્ય ઘ્યેય છે.




તે માટે એન્ટીબાયોટીક્સ અને રાસાયણીક ગ્રોથ હોર્મોનના ઉપયોગ વગર જ પ્રાણીઓનો ઉછેર કરવામાં આવે છે. ઓર્ગેનિક ખેતી કરતાં ખેડૂતોએ પશુ માટે ઓર્ગેનિક ખોરાક અને સાફ રહેઠાણ પુરુ પાડવું પડે છે અને તે પણ કોઇપણ પ્રકારના બંધન વગર.

**શું ઓર્ગેનિક ઉત્પાદન ખડૂતો માટે પણ ફાયદાકારક હોય છે?**
હા, ઓર્ગેનિક ઉત્પાદનમાં જીવ-જંતુનાશક અને નિંદણ નાશકનો ઉપયોગ ન થતો હોવાથી, ખેડૂત માટે બિનહાનિકારક રીતે બચાવ થતો હોય છે. ખેડૂત રસાયણથી થતા નુકસાનથી બચી શકે છે. જૈવિક સંતુલન જાળવવા તથા જૈવ વિવિધતાને પ્રોત્સાહન મળે છે, સાથે પર્યાવરણને પણ બચાવે છે.

**શું ઓર્ગેનિક ખોરાક સ્વાદિષ્ટ હોય છે?**
સ્વાદ અને ગુણવત્તા માટે ઓર્ગેનિક અને પરંપરાગત ખોરાકની સરખામણી કરતાં ઘણાં અભ્યાસ પરથી જાણી શકાય છે કે, ઓર્ગેનિક અને પરંપરાગત ખેતીની ઉપજમાં ફળફળાદી અને શાકભાજીમાં કોઇ ચોક્કસ પ્રકારનો ફેરફાર જોવા મળતો નથી.

**શું ઓર્ગેનિક ખોરાક ખરેખર આપણાં સ્વાસ્થ માટે લાભદાયી છે?**
ઓર્ગેનિક ખોરાકમાં રહેલા તત્વો પેસ્ટીસાઇડ, એન્ટીબાયોટિક અને નિંદણ નાશક વિહિન હોય છે જેથી ઓર્ગેનિક ખોરાક વાતાવરણ માટે વધુ

અનુકૂળ છે. ઓર્ગેનિક ખોરાક એ પરંપરાગત ખોરાક કરતાં વધુ પૌષ્ટિક તથા આપણા સ્વાસ્થ્ય માટે વધુ લાભદાયી છે તેવી વૈજ્ઞાનિક માહિતી પ્રાપ્ય નથી.

**શુ નેચરલ અને ઓર્ગેનિક ખોરાક બંને સમાન હોય છે?**
પદાર્થને નેચરલ કહી શકાય તે માટેના નિયમ અને નિર્દેશન નથી. ઓર્ગેનિક સૌથી વધુ નિયંત્રીત ખોરાક પ્રણાલી છે. નેશનલ ઓર્ગેનિક પ્રોગ્રામ હેઠળ ખોરાકને ઓર્ગેનિક પ્રમાણપત્ર મળે છે.

**ગ્રાહકો જે ઓર્ગેનિક ખોરાક ખરીદવાનું પસંદ કરે છે, તે પર્યાવરણને બચાવવા માટે પગલા ભરી રહ્યા છે.**

## ઓર્ગેનિક ખોરાકના રસપ્રદ ફાયદાઓ

**જંતુનાશકોનો ઓછો ઉપયોગ**
જંતુનાશકનો ઓછો ઉપયોગ આપણાં સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે લાભદાયી છે. જેમાં ઓછા રાસાયણીક ઉપયોગના કારણે ભૂમી તથા પાણીનો બગાડ ઓછો થાય છે.

**પર્યાવરણનો બચાવ**
ઓર્ગેનિક ખેતીમાં હાનિકારક રસાયણોનો ઉપયોગ થતો ન હોવાથી તેમાં ભૂમી, હવા અને પાણીનું પ્રદૂષણ થતુ નથી. જે આવનારી પેઢી માટે સુરક્ષિત અને સ્વસ્થ પર્યાવરણની રક્ષા કરે છે.

**ઉર્જાનો બચાવ**
ઓર્ગેનિક ખેતીમાં મુખ્યત્વે મજૂરી સઘન પધ્ધતિ જેવી કે હાથથી નીંદણ દુર કરવું, લીલા-ભીના ખાતરનો ઉપયોગ કરવો, પાકના બચાવ માટે રાસાયણીક ખાતરનો ઉપયોગ ન થતો હોવાથી ભૂમીને સુરક્ષિત રાખી શકાય છે.

**જીએમઓ મુક્ત ખોરાક**
ઓર્ગેનિક પધ્ધતિમાં જીનેટીકલી મોડીફાઇડનો ઉપયોગ કોઇપણ તબક્કે જેવા કે- પાકના ઉત્પાદન,




તેની પ્રક્રિયા પધ્ધતિ અને સાચવણીમાં થતો નથી.

**જૈવ વિવિધતાને પ્રોત્સાહન**
ઓર્ગેનિક ખેતીએ જૈવ વિવિધતાને પ્રોત્સાહન આપે છે. ઓર્ગેનિક ખેતીની આસપાસ કુદરતી વ્યવસ્થા પણ રાખવામાં આવે છે અને રાસાયણીક ગેર હાજરીના કારણે વન્ય જીવ માટે અનુકૂળ રહે છે.

**ગ્લોબલ વોર્મિંગ**
મોટા ભાગે ઓર્ગેનિક પાકને નજીકના નિકટ સ્થાન પર વેચાણ કરવામાં આવે છે જેના ફળ સ્વરુપે ઉર્જા અને વાહન વ્યવહારનો ઉપયોગ ઓછો થાય છે. તે કાર્બન ડાયોક્સાઇડનું ઓછુ ઉત્સર્જન કરે છે. જેને ગ્લોબલ વોર્મિંગ માટે મુખ્ય કારણ ગણવામાં આવે છે.

**પશુઓના સ્વાસ્થ્ય અને સંવર્ધનમાં મદદરુપ**
ઓર્ગેનિક ખેતરમાં રહેતા પ્રાણીઓને જીવન નિર્વાહ માટે ચોખ્ખુ અને રાસાયણ મુક્ત વાતાવરણ મળે છે, જે તેમને કુદરતી રીતે સ્વસ્થ રાખી અને બિમારીઓથી દુર રાખે છે.

**સ્થાનિક અર્થતંત્રને ટેકો**
ખેડૂત પાસેથી ઓર્ગેનિક પાકની ખરીદી કરી સ્થાનિક સમૂદાયના અર્થતંત્રને ટેકો મળે છે. નવો રોજગાર ઉભો થાય છે અને ખેડૂતોને વધુ સમૃધ્ધ બનાવે છે.

**સીઇઆરસી(CERC), શિક્ષણ, સંશોધન, સમાધાન અને કાયદાના અસરકારક ઉપયોગ દ્વારા ગ્રાહકહિતના પ્રસાર અને રક્ષણ માટે સમર્પિત થયેલ બિન-નફાકીય, બિન-સરકારી અને બિન-રાજકીય સંસ્થા છે. ગ્રાહક જાગૃતિના અભિયાનમાં આ સંસ્થા ૧૯૭૮ થી કાર્યરત છે. સીઇઆરસીમાં ખાધ સામગ્રી, પીણાં, દવાઓ અને તબીબી ઉપકરણો, વિજ ઉપકરણો તેમજ વ્યક્તિગત સંભાળની વસ્તુઓ વગેરેના તુલનાત્મક પરીક્ષણ માટે સ્વતંત્ર પ્રયોગશાળા આવેલી છે. આ પરીક્ષણોના પરીણામો અમારી સંસ્થાના પ્રકાશીત થતા દ્વી-માસિક ગ્રાહક સામાયિકમાં નિયમિત રીતે પ્રસિધ્ધ કરાય છે.**

**આર્થિક સહાય અને સહયોગઃ કન્ઝ્યુમરસ ઇન્ટરનેશનલ, યુ.કે. દ્વારા ગ્રીન એકશન ફંડ અંતર્ગત**